# અમેરિકામાં સેન્ડી વાવાઝોડું ત્રાટક્યુ

વોશિંગ્ટન,તા.૩૦

અમેરિકામાં વિનાશકારી સેન્ડી વાવાઝોડું પ્રચંડ તાકાત સાથે ત્રાટકતા ન્યૂયોર્ક અને અન્યઘણી જગ્યાઓ પર પૂરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ૩૦ લાખ લોકો અંધારપટ હેઠળ આવી ગયા છે. ૧૦ લાખ લોકોને સુરક્ષિત સ્થળ પર ખસેડવામાં આવ્યા છે. સેન્ડી વાવાઝોડાથી ૧૬ જેટલા લોકોના મોત થઈ ચુક્યા છે. જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. વાવાઝોડાની સાથે સાથે ભારે વરસાદ થતાં ચારે બાજુ પાણી ભરાઈ ગયા છે. અમેરિકાના પૂર્વીય દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે નુકસાન થયું છે. ન્યૂજર્સી અને ન્યૂયોર્કમાં પણ ચારે બાજુ પાણી ભરાઈ ગયા છે. ન્યૂજર્સીના દરિયાકાંઠાના વિસ્તારમાં સ્થાનિક સમય મુજબ સોમવારે રાત્રે ૮ વાગે આશરે ૧૨૯ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતા સેન્ડી વાવાઝોડાની એન્ટ્રી થઈ છે તે બાબતનો અનુભવ થઈ ગયો હતો. વાવાઝોડાના કારણે ૬ કરોડથી પણ વધુ અમેરિકન લોકોને માઠી અસર થઈ છે. ન્યૂજર્સી, ન્યૂયોર્ક, મેરીલેન્ડ, પેન્સિલવેનિયા, કનેક્ટિકટમાં હજુસુધી વાવાઝોડાના કારણે ભારે નુકશાન થયુ છે. ન્યૂયોર્કમાં દરિયાકાંઠે ઉંચા મોજા ઉછળ્યા છે. ૧૧ રાજ્યોમાં ૩૦ લાખથી વધુ લોકોના ઘરમાં વિજળી નથી. ન્યૂજર્સીના એટલાન્ટિક શહેરમાં વાવાઝોડાથી ૩૦ હજાર લોકોને સુરક્ષિત ખસેડાયેલા છે. પાણી ભરાઈ જવાના કારણે ન્યૂયોર્કના લોઅર મેનહડનમાંથી પોણા ચાર લાખ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. ન્યૂયોર્ક સાબવે સિસ્ટમને પણ બંધ કરવાની ફરજ પડી છે. ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જને બંધ રાખવાની ફરજ પડી છે. બે લાખથી વધુ લોકો મેનહટનમાં વિજળીથી વંચિત થઈ ગયા છે.

ન્યૂજર્સી યુનિવર્સિટીની હોસ્પિટલોમાં વિજળી નહીં હોવાના કારણે દર્દીઓને અન્યત્ર ખસેવાની ફરજ પડી છે. વાવાઝોડાના કારણે લાખો ઘરમાં અંધાર પટની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. વ્યવસ્થા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી. ૧૪ હજાર ફલાઈટો રદ કરવાની ફરજ પડી છે. કેરેબિયન દેશોમાં ૧૦૦થી વધુ લોકોના મોત થઈ ગયા બાદ અમેરિકામાં પણ ભારે આતંક જોવા મળી રહ્યો છે. અલબત્ત આની તીવ્રતા ઘટી જવાના કારણે લોકોને અને તંત્રને આનશિંક રાહત થઈ છે. અમેરિકાના ઈતિહાસમાં હજુ સુધીના સૌથી મોટા વાવાઝોડા તરીકે ગણાતા સેન્ડી વાવાઝોડાએ અગાઉ ખૂબ ઝડપતી અમેરિકાના પૂર્વીય દરિયાકાંઠાની તરફ આગેકૂચ કરી હતી. ત્યારબાદ આ જ ઝડપ સાથે ન્યૂજર્સી ક્ષેત્રમાં પણ પહોંચી જઈને દહેશત ફેલાવી હતી.કેરેબિયન દેશમાં અભૂતપૂર્વ નુકસાન કર્યા બાદ તોફાને અમેરિકા તરફ આગેકૂચ કરી છે. સમગ્ર અમેરિકામાં દહેશત ફેલાઈ ગઈ છે. ન્યૂયોર્ક સહિત સમગ્ર પૂર્વીય અમેરિકામાં માર્ગો સૂમસામ બની ગયા છે. પ્રમુખ બરાક ઓબામાએ ન્યૂયોર્ક સહિત અનેક વિસ્તારોમાં પહેલાંથી જ ઈમરજન્સીની જાહેરાત કરી હતી. અમેરિકી સરકારે દાવો કર્યો છે કે વાવાઝોડાને પહોંચી જવા માટે તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે છતાં લોકોમાં દહેશત દેખાઈ રહી છે. અગાઉ કરતા આ વાવાઝોડાએ કેરેબિયન ક્ષેત્રમાં પણ વધારે નુકસાન કર્યું છે. આમા ઓછામાં ઓછા ૭૦ લોકોના મોત થયા છે. ૫૨ લોકોના મોત હેતીમાં થયા હતા. સેન્ડી વાવાઝોડાના કારણે દરિયામાં ૧૧ ફૂટ ઊંચા મોંજા ઉછળ્યા હતા. આ વાવાઝોડાની દહેશતના કારણે ૧૯૮૫ બાદ પ્રથમ વખત ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જને બંધ કરવાની ફરજ પડી હતી. વાવાઝોડાના લીધે ૧૨ રાજ્યમાં લાખો લોકોને અસર થઈ છે. અમેરિકી અર્થતંત્રને અબજો ડૉલરનું નુકસાન થયું છે. મેટ્રો રેલ સેવા, વાહન વ્યવહાર બંધ કરી દેવાની ફરજ પડી છે. લોકોને જ ઘરમાં જ રહેવા સૂચના અપાઈ છે. બચાવ ટૂંકડીઓ સજ્જ થઈ ચૂકી છે. સત્તાવાર રીતે ૧૦ લોકોના મોતનો આંકડો જાહેર કરી દેવામાં આવ્યો છે. અમેરિકી તંત્ર પહેલાથી જ હાલમાં આર્થિક મુશ્કેલીમાં છે ત્યારે સેન્ડી વાવાઝોડાના કારણે વધુ અબજો ડૉલરનું નુકસાન થયું છે. સત્તાવાર ગણતરી હવે પછી હાથ ધરવામાં આવશે. કારોબાર બંધ રહેતા તેના કારણે ભારે નુકસાન થયું છે.

## ૧૬ના મોત : કુલ ૧૪ હજારથી વધુ ફ્લાઈટો રદ

સેન્ડી વાવાઝોડાના કારણે ૧૪ હજારથી વધુ ફ્લાઈટો રદ કરી દેવાની ફરજ પડી છે. આ ઉપરાંત વિમાની મથકોને પણ બંધ કરી દેવામાં આવ્યા છે. ત્રણ દિવસ સુધી વિમાની સેવા બંધ રાખવામાં આવે તેમ માનવામાં આવે છે. વાવાઝોડાથી ઉત્તર પૂર્વીય અમેરિકાના રાજ્યોની ફ્લાઈટો બંધ કરાઈ છે. ભારતથી અમેરિકા જતી ફ્લાઈટો પણ રદ કરવામાં આવી છે. ન્યૂયોર્ક, નેવાર્ક, વોશિંગ્ટન, ફિલાડેલ્ફિયા અને બોસ્ટન જેવા મેગા હબથી આવતી અને જતી ફ્લાઈટો રદ કરવામાં આવી છે. વાવાઝોડું ત્રાટકે તે પહેલાં આ વિમાની મથકોને બંધ કરવાનો આદેશ અપાયો હતો. અટવાઈ પડેલા વિમાની યાત્રીઓને ફરી બુકીંગ કરવા સૂચના અપાઈ હતી. જેટ એરવેઝે બ્રસર્સ અને નેવાર્ક વચ્ચેની ફ્લાઈટો રદ કરી દીધી છે. સોમવાર અને મંગળવારના દિવસે ફ્લાઈટો રદ કરાઈ છે. આ ઉપરાંત બુધવારે પણ સાવચેતી બાદ જ આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જેટ દ્વારા ચેતવણી પણ આપવામાં આવી છે કે મુંબઈ-નેવાર્ક અને દિલ્હી-ન્યૂયોર્ક નોનસ્ટોપ ફ્લાઈટોમાં ભારે વિલંબ થયો છે. દિલ્હી-ન્યૂયોર્ક ફ્લાઈટોના કારણે યાત્રીઓ અટવાઈ પડ્યા છે. નિરાશા પ્રવર્તી રહી છે. મોટી સંખ્યામાં એનઆરઆઈ લોકો દિવાળી માટે બુકીંગ કરાવી ચૂક્યા છે. અમેરિકાથી ભારત માટે આશરે ૨૦ ટકા બુકીંગ થઈ ચૂક્યું છે. હવે ત્રણ દિવસ માટે ફ્લાઈટો રદ થઈ ચૂકી છે જેથી લોકો અટવાઈ પડ્યા છે. અખાત અને યુરોપીયન કેરિયર્સ પણ ભારત અને અમેરિકા વચ્ચે ઊડાણ ભરી રહ્યા છે. સેન્ડી વાવાઝોડાથી ૧૬ જેટલા લોકોના મોત થઈ ચુક્યા છે.



તાત્કાલિક ધોરણે પગલા લેવાયા

## અંતે બળવાખોર સભ્ય રેડ્ડી સસ્પેન્ડ કરી દેવાયા

નવી દિલ્હી,તા.૩૦

તેલગુદેશમ પાર્ટીએ આજે બળવાખોર ધારાસભ્ય પ્રવિણકુમાર રેડ્ડીને સસ્પેન્ડ કરી દીધા હતા. ચિત્તોર જિલ્લામાં તામ્બાલાપલ્લીમાંથી તેમણે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. વાયએસઆર કોંગ્રેસના પ્રમુખ જગન મોહન રેડ્ડીને મળ્યાબાદ તેમને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ચંચલગુડાની જેલમાં રેડ્ડીને મળ્યા બાદ તેમને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરાયો છે.

પ્રવિણ રેડ્ડી વર્ષ ૨૦૦૯માં પ્રથમ વખત રાજ્ય વિધાનસભામાંથી ચૂંટાઈ આવ્યા હતા. હાલમાં જ તેઓએ ટીડીપી વડા એન ચંદ્રાબાબુ નાયડુની વ્યાપક ટિકા કરી હતી. કેન્દ્ર સરકારને એક પત્ર લખીને તેલંગાણા રાજ્ય બાબતે ઠરાવ પસાર કરવાની રજુઆત કરવામાં આવી હતી. આજે તેઓએ ચંચલગુડા જેલની મુલાકાત લીધી હતી. તેઓએ જગનમોહન રેડ્ડી સાથે વાતચીત કરી હતી. આવકના જાણીતા સાધનની સામે અપ્રમાણ સંપત્તિ કેસના સંબંધમાં જગનમોહન રેડ્ડી હાલ જેલમાં છે. પ્રવિણ વાયએસઆરસીમાં જોડાઈ ગયા હતા.

## CRRમાં ૨૫ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા.૩૦

શેરબજાર અને ઉદ્યોગ જગતની જેના પર છેલ્લા ઘણા દિવસથી નજર હતી તે રિઝર્વ બેંકની મધ્ય વર્ષીય નાણાંકીય નીતિ સમીક્ષાની આજે જાહેરાત કરવામાં આવી હતી. ધારણા પ્રમાણે જ આરબીઆઈએ કેશ રિઝર્વ રેસિયો અથવા તો સીઆરઆરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો છે. જ્યારે વ્યાજદર યથાવત્ રાખવાનો નિર્ણય કર્યો છે. ચાવીરૂપ વ્યાજદર યથાવત્ રાખવામાં આવતા બજારમાં તથા રોકાણકારોમાં નિરાશાનું મોજું ફળી વળ્યું હતું. રિઝર્વ બેંકે હાલની સ્થિતિને ધ્યાનમાં લઈને રેટમાં કોઈ સુધારો કર્યો નથી પરંતુ નાણાંકીય વ્યવસ્થામાં ૧૭૫૦૦ કરોડ રૂપિયા ઠાલવવાના હેતુસર સીઆરઆરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો છે. આરબીઆઈએ અન્ય કેટલાક પગલાં પણ લીધા છે જેના કારણે બજારમાં તેજી આવી શકે છે. જો કે મોટાભાગના બેન્કરો તથા બજારની ઈચ્છા વ્યાજદરમાં ઘટાડો થાય તેવી હતી પરંતુ રિઝર્વ બેંકે કોઈપણ દબાણ સમક્ષ ઝુંકવાનો ઈન્કાર કર્યો છે. વધારાની લિક્વિડિટી ઠાલવવાના હેતુસર સીઆરઆરમાં ઘટાડો કરાયો છે.

સીઆરઆર અથવા તો આરબીઆઈ પાસે થાપણનો જે હિસ્સો બેંકો રાખે છે તેમાં ઘટાડો થયા બાદ સીઆરઆર હવે ૪.૨૫ ટકા થઈ ગયો છે જ્યારે રેપો રેટ યથાવત્ ૮ ટકા રાખવામાં આવ્યો છે. રિવર્સ રેપો રેટ યથાવત્ ૭ ટકા રાખવામાં આવ્યા છે. નવા રેટ ઉજી નવેમ્બરના દિવસથી અમલી બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. આરબીઆઈના ગવર્નર ડી સુબ્બારાવે મધ્ય સત્ર નાણાંકીય નીતિ સમીક્ષા આજે જાહેર કરી હતી. સુબ્બારાવે આ નીતિની જાહેરાત કરતા કહ્યું હતું કે ફુગાવાને અંકુશમાં લેવા ઉપર મુખ્ય ધ્યાન અપાયું છે. તેમણે ઉમેર્યુ હતું કે વિકાસ આડે ફુગાવો મુખ્ય પડકાર છે. સીઆરઆરમાં કાપના મુદ્દે ગવર્નરે કહ્યું હતું કે લિક્વિડિટી વધારવાનો મુખ્ય હેતુ છે. આનાથી સિસ્ટમમાં ૧૭૫૦૦ કરોડ રૂપિયા ઉમેરાઈ જશે. સુબ્બારાવે કહ્યું હતું કે સરકાર દ્વારા હાલમાં સુધારા પગલાં હાથ ધરવામાં આવ્યા છે. સીઆરઆરમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ વ્યાજદરમાં કાપ મૂકવા બેંકોને સરળતા રહી શકે છે. બીજી બાજુ આરબીઆઈએ જીડીપી વિકાસદર અગાઉ ૬.૫ ટકાથી બદલીને ૫.૮ ટકા કરી દીધો છે. આવી જ રીતે તેના માર્ચના અંતમાં હેડ લાઈન ફુગાવાનો અંદાજ વધારીને ૭.૫ ટકા કરી દીધો છે. એવી અપેક્ષા હતી કે રિઝર્વ બેંકના ગવર્નર સુબ્બારાવ કેટલાક પગલાં લેશે. સુબ્બારાવે સાવધાની પૂર્વકની રમત રમી છે.

## ભારતમાં ભરતીનો પ્રવાહ અન્ય બજારોની સરખામણીમાં મજબુત

નવી દિલ્હી,તા.૩૦

ભારતમાં ભરતીનો પ્રવાહ અન્ય બજારોની સરખામણીમાં મજબુત છે. મોટી સંખ્યામાં નવી ભરતી કરવામાં આવી રહી છે. તાજેતરમાં જ જારી કરવામાં આવેલા નવા અભ્યાસમાં આ મુજબની વાત કરવામાં આવી છે. અડધીથી વધુ કંપનીઓ માને છે કે આ વર્ષે ભરતીની ઝુંબેશ વધુ તીવ્ર બનાવવામાં આવશે. વર્ષ ૨૦૧૧ની સરખામણીમાં ભરતી વધુ તીવ્ર બનશે. અભ્યાસ મુજબ એચઆર/ટેલેન્ટ ડિપાર્ટમેન્ટમાંથી ૩૦૦૦થી વધુ પ્રોફેશનલો અને ભરતી કરનાર લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ભરતી ઝુંબેશ સ્વસ્થ રાખવામાં આવશે. વૈશ્વિક સ્થિતિ પ્રવાહી હોવા છતાં ભારતમાં સ્થિતિ ખુબજ મજબુત છે. ૨૦૧૧ની સરખામણીમાં સ્થિતિ વધુ સારી રહી છે. દરમિયાન ભારત અન્ય મોટાભાગના દેશો કરતા આગળ રહ્યુ છે. જો કે હજુ પણ આંકડા સુધારવાની તક રહેલી છે. સર્વેમાં જણાવાયું છે કે ૪૦ ટકા લોકો માને છે કે ભરતી અંગે નિર્ણય લેવામાં તેઓ ઘણી બાબતોને ધ્યાનમાં લે છે. કુશળતાને શોધી કાઢવા માટે કંપનીઓ વિશેષ નોંધ લેતી હોય છે. જો કે સ્પર્ધા અને વળતર સહિત કુશળ લોકોને ભરતી કરવામાં ઘણા પરિબળો રહેલા છે. આ બે અડચણો સૌથી પહેલા નડે છે. સ્પર્ધકો જંગી રોકાણ કરી રહ્યા છે.

## ભાજપે માત્ર વચનો આપ્યા છે, કામ કર્યુ નથી : સોનિયા

શિમલા,તા.૩૦

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે શિમલામાં એક ચૂંટણી સભામાં ભાજપ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે ભાજપે માત્ર વચનો જ આપ્યા છે. કોઈ કામ કર્યુ નથી. હિમાચલમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ચુકી છે ત્યારે અહીં ભાજપ અને કોંગ્રેસે ચૂંટણી પ્રચારની પ્રક્રિયા તીવ્ર બનાવી દીધી છે. ગઈકાલે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આકરા પ્રહારો યુપીએ સરકાર પર કર્યા હતા અને મોંઘવારીનો મુદ્દો ઉઠાવ્યો હતો. સોનિયા ગાંધીએ આજે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે હિમાચલ પ્રદેશમાં વિકાસની ગતિ આગળ વધી નથી. કોંગ્રેસના શાસન કાળમાં વિકાસની ગતિ ખૂબ વધારે હતી. સોનિયા ગાંધીએ પ્રશ્ન કર્યો હતો કે કેન્દ્ર સરકારે હજારો કરોડ રૂપિયા મદદરૂપે રાજ્ય સરકારને આપ્યા છે આ રકમ ક્યાં ગઈ છે. કેન્દ્ર સરકારે હંમેશા હિમાચલ સરકારની પૂરતી મદદ કરી છે. ભાજપ સરકાર પર પ્રહારો જારી રાખતા સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે હિમાચલમાં બેરોજગારીનો ગ્રાફ ઉંચો ગયો છે. એફડીઆઈ પર ભાજપ ભ્રમની સ્થિતિ સર્જી રહી છે. વધતી મોંઘવારીના પ્રશ્ને તેમણે કહ્યુ હતુ કે આને રોકવા માટે કેન્દ્ર સરકાર તમામ પગલા રહી છે. મોંઘવારીને લઈને અમે પોતે પણ ચિંતિત છીએ. સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે વિરોધ પક્ષ આજે ભ્રષ્ટાચારની સામે નહીં બલકે કોંગ્રેસ સરકારની સામે છે. ભ્રષ્ટાચારની સામે અનેક પગલા લેવામાં આવ્યા છે. જ્યારે ભાજપે ભ્રષ્ટ નેતાઓ સામે કોઈ પગલા લીધા નથી. લોકપાલ બિલ પાસ નહીં થવા દેવા માટે ભાજપ જવાબદાર છે. ગાંધીએ એમ પણ કહ્યુ હતુ કે ભાજપ સરકારોએ વેટમાં કોઈ ઘટાડો કર્યો નથી. જો વેટમાં ઘટાડો કરવામાં આવ્યો હોત તો સામાન્ય લોકોને રાહત મળી હોત.



## મોદીને પ્રેમ કરવાની શશી થરુરની સલાહ

નવી દિલ્હી,તા.૩૦

માનવસંશાધન રાજ્યમંત્રી શશી થરુરે પોતાની પત્નિ અંગે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીનો જવાબ આપી દીધો છે. ગઈકાલે હિમાચલપ્રદેશના મંડીમાં પ્રચાર દરમિયાન મોદીએ આકરા પ્રહાર થરુર ઉપર કર્યા હતા. મોદીએ મનમોહનસિંહની કેબિનેટમાં હાલમાં જ કરવામાં આવેલા ફેરફાર અંગે પણ ટિપ્પણી કરી હતી. અગાઉ વિદેશ રાજ્યમંત્રી રહી ચૂકેલા શશી થરુરની પ્રધાનમંડળમાં ફરી વાપસી થઈ છે. મોદીએ રેલી દરમિયાન થરુરની વાપસી પર ટિપ્પણી કરતા કહ્યુ હતુ કે તેમની પત્નિ સુનંદા પુષ્કર ૫૦ કરોડની ગર્લફ્રેન્ડ છે. આ અંગે થરુરે જવાબ આપતા કહ્યુ છે કે તેમના પત્નિની કિંમત ૫૦ કરોડ રૂપિયાથી વધારે છે પરંતુ આને સમજવા માટે આપને કોઈની સાથે પ્રેમની જરૂર પડશે.

## ડિપ્રેશન વાવાઝોડામાં ફેરવાઈ જતા આવતીકાલે તમિળનાડુ અને આંધ્રપ્રદેશ દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા


ચક્રવાતી વાવાઝોડુ આજે નાગાપટ્ટીનમ-નેલ્લોર વચ્ચેથી પસાર થશે

ચેન્નાઈ,તા.૩૦

ડિપ્રેશન વાવાઝોડામાં ફેરવાઈ જતા આવતીકાલે તમિળનાડુ અને આંધ્રપ્રદેશ દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા છે જેથી આ બંને રાજ્યો પર વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યુ છે.

ચેન્નાઈથી ૫૦૦ કિમી દક્ષિણપૂર્વે સ્થિત ઉંડુ દબાણ વધુ તીવ્ર બાનીને વાવાઝોડામાં ફેરવાઈ જતા તંત્રમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. વાવાઝોડામાં ફેરવાઈને ડિપ્રેશનની સ્થિતિ હવે આવતીકાલે તમિળનાડુમાં નાગાપટ્ટીનમ અને આંધ્રપ્રદેશમાં નેલ્લોર વચ્ચેના દરિયાને પાર કરે તેવી શક્યતા છે જેથી આ પ્રદેશમાં અતિભારે વરસાદ પડે તેવી શક્યતા છે. આ વાવાઝોડાનું નામ નિલમ રાખવામાં આવ્યું છે. વાવાઝોડાનું નામ મોટાભાગે પ્રક્રિયા ઉપર આધારિત હોય છે. પાકિસ્તાન દ્વારા આ નામ સૂચવવામાં આવ્યું છે. બુધવારે બપોરે અથવા તો સાંજ સુધી ભારે વરસાદ પડવાની પણ શક્યતા દેખાઈ રહી છે. વાવાઝોડાની આ સ્થિતિના કારણે મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે.

તમિળનાડુના દરિયાકાંઠા અને પુડુચેરીમાં વિકટ સ્થિતિ દેખાઈ રહી છે. એરિયા સાયક્લોન વોર્નિંગ સેન્ટર દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારો, તમિળનાડુ અને પુડુચેરીમાં માછીમારોને દરિયામાં નહીં જવાની સલાહ પણ આપવામાં આવી છે. ચેન્નાઈ અને આસપાસના વિસ્તારોમાં ૯૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. વાવાઝોડાના ખતરાનો ધ્યાનમાં લઈનો આંધ્રપ્રદેશ અને તમિળનાડુમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ચેન્નાઈ, નાગાપટ્ટીનમ, પુડુચેરી બંદર ઉપર પાંચથી સાત સુધીના ડેન્જર સિગ્નલ મૂકી દેવામાં આવ્યા છે. ચેન્નાઈમાં સામાન્ય જનજીવન ખોરવાઈ ગયુ છે. આજે સવારથી જ ભારે વરસાદ થઈ રહ્યો છે. ચેન્નાઈ અને અન્ય કેટલા જિલ્લાઓમાં સ્કૂલ અને કોલેજમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. તમિળનાડુમાં કોલ્લીદામમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે.



## ભારત-પાક. શ્રેણીને સરકારની અંતે બહાલી

૨૫મી ડિસેમ્બરથી શ્રેણીની વિધિવત શરૂઆત થશે : ત્રણ વનડે-બે ટ્વેન્ટી-૨૦ મેચો રમાશે

નવી દિલ્હી, તા. ૩૦

ક્રિકેટ જગતમાં દર્શકો જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હોય છે તે ભારત-પાકિસ્તાન વચ્ચેની શ્રેણી હવે ટૂંકમાં જ રમાશે. આગામી ડિસેમ્બરમાં ભારત-પાકિસ્તાન વચ્ચે વન-ડે અને ટી-૨૦ શ્રેણી રમાશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય આજે પાકસ્તાનને ભારત આવવાની મંજૂરી આપી દેતાં રોમાંચક શ્રેણીનો તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ હાલ ભારત પ્રવાસે આવેલી ઈંગ્લેન્ડ ટીમ નાતાલ અને નવા વર્ષની ઉજવણી નિમિત્તે શ્રેણીમાંથી વિરામ લઈ વતન પરત ફરશે. આ ગાળા દરમિયાન પાકિસ્તાન ભારત આવશે. જેમાં વનડે અને ટી-૨૦ મેચ રમશે. બંને વચ્ચેની શ્રેણી ૨પી ડિસેમ્બર થી ૭ જુલાઈ વચ્ચે રમાશે. જેમાં ૩ વન ડે અને બે ટી-૨૦ મેચ રમાશે. બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડીયા (બીસીસીઆઈ) એ જુલાઈમાં જાહેરાત કરી હતી કે, પાકિસ્તાન સાથેનો ક્રિકેટ સંબંધ ફરી ચાલુ કરવા ડિસેમ્બરના અંતમાં પાકિસ્તાન ટીમને ભારતમાં શ્રેણી રમવા આમંત્રણ આપવામાં આપી શકાય છે.

બીસીસીઆઈના સિનિયર અધિકારી રાજીવ શુકલાએ કહ્યું હતું કે, કાર્યક્રમ ટૂંકમાં જ તૈયાર કરી દેવાશે. પ્રાથમિક ધોરણે સલામતી અંગેની બાબતને આજે અમે સ્પષ્ટ કરી દીધું છે. નોંધનીય છે કે હાલ ભારતના પ્રવાસે આવેલ ઈંગ્લેન્ડની ટીમ ચાર ટેસ્ટમેચની શ્રેણી બાદ નવા વર્ષની ઉજવણી માટે વતન પરત ફરશે. ત્યાર બાદ વન-ડે અને ટી-૨૦ શ્રેણી રમશે. આ વેકેશનના સમયગાળા દરમ્યાન જ પાકિસ્તાનની ટીમ ભારત આવશે. જેનો સીધો અર્થ એ કે ભારતીય ટીમને શ્વાસ લેવાનો પણ સમય નહીં મળે. જો કે પાંચ વર્ષ બાદ પુનઃ દ્વિપક્ષીય શ્રેણી યોજાતી હોવાથી બહોળો વર્ગ તેમાં રસ લેશે. ૨૦૦૮માં ભારતની આર્થિક અને મનોરંજન રાજધાની મુંબઈ પર થયેલા ભીષણ આતંકી હુમલા બાદથી પાકિસ્તાન સાથેના દ્વિપક્ષીય ક્રિકેટ સંબંધો પર ભારતે પૂર્ણ વિરામ મૂકી દીધું હતું. બંને વચ્ચે છેલ્લે ૨૦૦૭માં ટેસ્ટ અને વન ડે શ્રેણી રમાઈ હતી.

જાન્યુઆરી ૨૦૦૯માં ભારતે પાકિસ્તાન પ્રવાસ જવાનું હતું. પરંતુ મોટાભાગના ખેલાડીઓએ ત્યાં રમવા જવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારે શ્રીલંકા ત્યાં રમવા ગયું હતું. જોકે ૩ માર્ચના રોજ તેની બસ પર આતંકી હુમલો થયો હતો. ત્યાર બાદથી કઈપણ આંતરરાષ્ટ્રીય ટીમ પાકિસ્તાનના પ્રવાસે ગઈ નથી. ૨૦૧૨ના વિશ્વકપમાંની પાકિસ્તાનમાં રમાનારી તમામ મેચ ભારત, શ્રીલંકા અને બાંગ્લાદેશમાં ખસેડાઈ હતી. છેલ્લા એક વર્ષથી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ભારત સાથે દ્વિપક્ષીય શ્રેણી રમવા બીસીસીઆઈને અનુરોધ કરતું હતું. છેલ્લે બંને ૨૦૧૧માં સેમીફાઈનલમાં ટકરાયા હતા. જેમાં ભારતનો વિજય થયો હતો. ત્યાર બાદ ગત મહિને શ્રીલંકામાં રમાયેલ ટી-૨૦ વિશ્વકપમાં પણ ભારતે પાકને પરાજય આપ્યો હતો.



## પીડીએસ મારફતે વિતરણની વ્યવસ્થા જારી રહેશે : મોન્ટેક

નવી દિલ્હી,તા.૩૦

ફુડ સબસિડીના સીધા રોકડ ટ્રાન્સફરની વાત કરતા આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાએ આજે કહ્યુ હતુ કે પીડીએસ મારફતે વિતરણની વ્યવસ્થા જારી રહેશે. પીડીએસને નાબૂદ કરવાની કોઈ પણ યોજના નથી. તેમણે ખાતરી આપી હતી કે લઘુત્તમ સમર્થન મુલ્ય(એમએસપી) મારફતે અનાજ પ્રાપ્તિની વર્તમાન વ્યવસ્થાને યથાવતરીતે જાળવી રાખવામાં આવશે. પીડીએસ મારફતે વિતરણ પણ જારી રહેશે. આહલુવાલિયાએ કહ્યુ હતુ કે પીડીએસ વ્યવસ્થાને વધુ મજબૂત કરવામાં આવશે. પીડીએસને મજબુત કરવા માટે રાજ્યોના ખાદ્યાન્ન પ્રધાનોની મિટિંગમાં તેમણે આ મુજબની વાત કરી હતી. પીડીએસને નાબૂદ કરવાની બાબત આધાર વગરની છે. લઘુત્તમ સમર્થન મૂલ્યોને નાબૂદ કરવામાં આવશે નહીં. સરકાર ઘઉ અને ડાંગર જેવા અનાજની જાહેર પ્રાપ્તિના દોરને આગળ વધારશે. સાથે સાથે પીડીએસ મારફતે સબસિડી વગર વેચાણ પણ જારી રાખશે. તેમણે ઉમેર્યુ હતુ કે ફુડ સબસિડી બેંક ખાતામાં સીધીરીતે જમા કરવામાં આવશે. આવોજ મત વ્યક્ત કરતા ખાદ્યાન્ન પ્રધાન કેબી થોમસે કહ્યુ હતુ કે ડાયવર્ઝન અને લીકેજને ડામવા માટે પગલા લેવામાં આવી રહ્યા છે.

નાણાં મંત્રાલય દ્વારા દિલ્હી અને અન્ય છ કેન્દ્રસાશિત પ્રદેશોમાં ફુડ સબસિડીના સીધા રોકડ ટ્રાન્સફરની રજુઆત કરી દીધી છે. આહલુવાલિયાએ કહ્યુ હતુ કે વૈશ્વિક ખાદ્યાન્ન ચીજવસ્તુ પર હાલ ભારે દબાણ છે. નિકાસ પણ ખુબ વધારે છે. આહલુવાલિયાએ સંકેત આપ્યો હતો કે ભારત હજુ પણ ખાદ્યાન્ન તેલ અને કઠોળની આયાત કરે છે. જો ભારત આગામી દસ વર્ષમાં ઊંચો આર્થિક વિકાસદર હાંસલ કરશે તો માથાદીઠ આવક બેગણી થશે જેનાથી ફાયદો થશે.

